DADI COPPER CASE



# ૪૦ વર્ષના લાંબા લગ્નજીવન બાદ પારસી યુગલે છૂટાછેડાની માગણી કરી

(પી.ટી.આઈ.) મુંબઈ, તા. ૧૨

એક પારસી દંપતી લગ્નનાં ૪૦ વર્ષ બાદ છૂટાછેડા લેવા કાનૂની લડાઈ લડી રહ્યાં છે. આ પારસી યુગલનો છૂટાછેડાનો કેસ બોમ્બે હાઈકોર્ટમાં ચાલે છે. જોકે હાઈકોર્ટે પારસી પતિ-પત્નીને તેમના લગ્નજીવનના વાદવિવાદનો ઉકેલ કોઈપણ જાતની કડવાશ વગર લાવવા સલાહ આપી છે. અરસપરસ સંવાદ સાધીને તેમની અંગત સમસ્યાનો ઉકેલ લાવવા કહ્યું છે.

રોશન કૂપરે (૭૪) તેના પતિ દાદી એરેકશો (૮૦) પાસેથી ભરણપોષણ માટે બે કરોડ રૂપિયાની માગણી કરી છે. સાથોસાથ રોશન કૂપરે એવી પણ ફરિયાદ કરી છે કે મને મારા પતિ દાદી એરેકશોએ અસહ્ય શારીરિક- માનસિક ત્રાસ આપ્યો છે.

હાઈકોર્ટના જસ્ટિસ એસ.સી. ધર્માધિકારીએ પારસી દંપતીના છૂટાછેડાના કેસની સુનાવણી ૧૬, એપ્રિલ સુધી મુલતવી રાખી છે. જસ્ટિસ ધર્માધિકારીએ એમ કહ્યું હતું કે હું ફરિયાદી રોશન અને બચાવ પક્ષના દાદી પાસેથી યોગ્ય અને હકારાત્મક અભિગમની અપેક્ષા રાખું છું. વળી પતિ-પત્ની બંને વયસ્ક નાગરિક છે. (સિનિયર સિટિઝન્સ) આમ છતાં પતિ-પત્નીને એમ લાગતું હોય કે તેઓ સાથે મળીને લગ્નજીવન માણી શકે તેમ નથી. તો પછી બંનેએ અરસપરસ તેમના વાદવિવાદનો ઉકેલ લાવવો જોઈએ. મનમાં કોઈપણ જાતની કડવાશ રાખ્યા વગર તેમના અંગત મતભેદનો ઉકેલ લાવવો જોઈએ.

દાદી એરેકશોના વકીલ વિવેક એન. કાંટાવાલાએ એમ કહ્યું હતું કે ચાર દાયકાના દીર્ઘ લગ્નજીવન બાદ કોઈ દંપતીએ છૂટાછેડાની માગણી કરી હોય તેવો કાનૂની ઈતિહાસમાં આ પ્રથમ કમનસીબ પ્રસંગ છે.

રોશન અને દાદી વચ્ચેના કજિયાનું મૂળ તેમના ભાયખલાના જોડિયા ફ્લેટસ વચ્ચેની ઈંટની દિવાલ છે. થોડા સમય અગાઉ બંને ફ્લેટસ વચ્ચે લાકડાની દિવાલ હતી પરંતુ રોશન કૂપરે લાકડાની દિવાલ હટાવીને ત્યાં ઈંટની દિવાલ ચણાવી દીધી હતી. રોશન કૂપરે એવી દલીલ કરી હતી કે મેં ઈંટની દિવાલ મારી સલામતી માટે બનાવી છે.

આમ તો આ કેસ પારસી ચીફ મેટ્રીમોનીયલ કોર્ટમાં દાખલ થયો છે પરંતુ તેની સુનાવણી હાઈકોર્ટમાં થઈ રહી છે. રોશન કૂપરે એવો દાવો કર્યો હતો કે દાદીને દર મહિને એક શિપિંગ કંપની દ્વારા ૫૦,૦૦૦ રૂપિયાનું પેન્શન મળે છે. દાદી તે શિપિંગ કંપનીમાં નોકરી કરતા હતા ઉપરાંત દાદીને શેર અને ફિક્સ્ડ ડિપોઝીટમાંના રોકાણ દ્વારા પણ દર મહિને વધારાના ૨૦,૦૦૦ની આવક થાય છે. દાદી એરેકશોએ તે દાવો નકારી કાઢયો હતો.

**હાઈ કોર્ટે વૃદ્ધ દંપતીને તેમના મતભેદ અરસપરસ સંવાદ સાધીને દૂર કરવા સલાહ આપી**